**નાણા વિભાગની તા. ૧૬/૨/૨૦૦૬ ના ઠરાવની નીતિ અંતર્ગત ફિકસ પગારથી નિમણૂક પામેલ કર્મચારીને એક સંવર્ગમાંથી રાજીનામુ આપી બીજા સંવર્ગમાં નિમણૂક મેળવ્યા બાદ પુનઃ મૂળ સંવર્ગમાં પરત આવવા અંગેની જોગવાઇઓ કરવા બાબત.**

**ગુજરાત સરકાર,**

નાણા વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ- ખરચ/૧૦/૨૦૧૮/૩૨૭૧૯૭/ઝ.૧

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ- ૧૧/ ૧૧ /૨૦૨૦

**સંદર્ભ :-**

(૧) નાણા વિભાગનો તા.૧૬/૦૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક-ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧

(૨) નાણા વિભાગનો તા.૨૦/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક-ખરચ/૨૦૦૨/૫૭/ (પાર્ટ-૨) ઝ.૧

(૩) નાણા વિભાગનો તા.૨૮/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક-ખરચ/૨૦૦૨/૫૭/ (પાર્ટ-૩) ઝ.૧

**પ્રસ્તાવનાઃ-**

નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક-(૧) સામેના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવ અંતર્ગત સંદર્ભ ક્રમાંક-(૩) ના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવથી ફિકસ પગારના કર્મચારીઓની બોલીઓ અને શરતો નિયત થયેલ છે. આ નીતિ અન્વયે સીધી ભરતીથી નિમણૂક પામેલ ફિકસ પગારના કર્મચારી તેઓની ફિકસ પગારની સેવાઓ દરમિયાન નિયત ભરતી પ્રક્રિયાને અંતે સમાન સંવર્ગની અન્ય જગ્યા ઉપર, ઉપલા સંવર્ગની જગ્યા ઉપર કે નિયમિત પગાર ધોરણની જગ્યા ઉપર પસંદગી પામે ત્યારે હાલની ફિકસ પગારની જગ્યા ઉપરથી રાજીનામું આપીને નવી જગ્યા ઉપર નિમણૂક મેળવતા હોય છે. પરંતુ કેટલીક વાર સામાજીક કારણોસર, ભૌગોલિક પરિસ્થિતિઓ તેમજ અન્ય કારણોસર તેઓને નવી નિમણૂક મેળવેલ જગ્યા અનુકૂળ આવતી નથી. આ સંજોગોમાં આ કર્મચારીને તેઓના તરત અગાઉના મૂળ સંવર્ગમાં પરત જવા અંગેની કોઇ જોગવાઇઓ હાલમાં અમલી ન હોઇ આ અંગે જરૂરી જોગવાઇઓ કરવાની બાબત રાજય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

નાણાં વિભાગની તા. ૧૬/૦૨/૨૦૦૬ ની નીતિ અંતર્ગત નિમણૂક પામેલ ફિકસ પગારના કર્મચારી તેઓની ફિકસ પગારની સેવાઓ દરમિયાન નિયત ભરતી પ્રક્રિયાને અંતે સમાન સંવર્ગની અન્ય જગ્યા ઉપર, ઉપલા સંવર્ગની જગ્યા ઉપર કે નિયમિત પગાર ધોરણની જગ્યા ઉપર પસંદગી પામતા હોય છે.

આવા ફિકસ પગારના કર્મચારી તેમની ફિકસ પગારના સંવર્ગની જગ્યા પરથી રાજીનામું આપી સમાન સંવર્ગની અન્ય જગ્યા ઉપર, ઉપલા સંવર્ગની જગ્યા ઉપર કે નિયમિત પગારધોરણની જગ્યા પર હાજર થયા બાદ જો તેઓ તરત અગાઉના મૂળ સંવર્ગમાં (રાજીનામું આપેલ સંવર્ગમાં) પરત જવા રજૂઆત કરે ત્યારે તેવા કર્મચારીને અગાઉના મૂળ સંવર્ગમાં (રાજીનામું આપેલ સંવર્ગમાં) પરત નિમણૂક આપવા અંગે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની જોગવાઇઓ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**(૧) નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ ના ઠરાવથી અમલી બનેલ નીતિ અંતર્ગત ફિકસ પગારથી નિમણૂક પામેલ કર્મચારીને એક સંવર્ગમાંથી રાજીનામું આપી અન્ય સમાન સંવર્ગ કે ઉપલા સંવર્ગની ફિકસ પગારની કે ઉપલા સંવર્ગની નિયમિત પગાર ધોરણની જગ્યાની સેવામાંથી તેની તરત અગાઉના મૂળ સંવર્ગની ( રાજીનામું આપેલ સંવર્ગમાં) સેવામાં પરત આવવાનો લાભ તેઓની નવી નિમણૂકના ૦૧(એક) વર્ષ સુધીના સમયગાળા માટે આપવાનો રહેશે.**

**(૨) આવી રીતે મૂળ સંવર્ગમા પરત આવનાર ફિકસ પગારના કર્મચારી તેમના તરત અગાઉના મૂળ સંવર્ગની પ્રવરતા ગુમાવશે અને તે તેઓની નવી નિમણૂક ગણાશે. તથા અગાઉના જે સંવર્ગમાંથી પરત આવે છે તે સંવર્ગની સેવા કોઇપણ સંજોગોમાં સળંગ સેવા તરીકે ગણાશે નહિ.**

(૩) **ફિકસ પગારના કર્મચારીને તેઓના મૂળ સંવર્ગમાં પરત આવવા અંગે આ ઠરાવનો લાભ તેઓની સમગ્ર સેવાકાળ દરમિયાન ફકત એક જ વાર મળવાપાત્ર થશે.**

(૪) **ફિકસ પગારના કર્મચારીને તેમના મૂળ સંવર્ગમાં શિસ્ત વિષયક કારણોસર છૂટા કરેલ હોય / સેવા સમાપ્ત કરેલ હોય અથવા નવી સેવામાં શિસ્ત વિષયક બાબતે છૂટા કર્યા હોય કે શિસ્ત વિષયક કાર્યવાહી ચાલુ કે પડતર હોય તેવા કિસ્સામાં આ ઠરાવનો લાભ મળવાપાત્ર થશે નહિ.**

(૫) **ફિકસ પગારના આવી રીતે બદલી કરાવનાર અથવા મૂળ સંવર્ગમાં પરત જનાર કર્મચારી / અધિકારીનો સંવર્ગ બદલ્યા પછીનો જે પગાર થતો હોય તેના માસિક કુલ પગારના પંદર (૧૫) દિવસનો પગાર વસૂલ કરવાનો રહેશે અને જે તાલીમ લીધેલ હોય તેનો તાલીમ ખર્ચ પણ વસૂલ કરવાનો રહેશે.**

આ ઠરાવનો અમલ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(જે. બી. પટેલ)**
નાયબ સચિવ (કરકસર)
નાણા વિભાગ

પ્રતિ,

- ❖ માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- ❖ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- ❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- ❖ લોકાયુકતશ્રી, લોકાયુકતશ્રીની કચેરી, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ➢ માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માન. રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માન. વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સચિવાલયના સર્વે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સર્વે ખાતા/કચેરીઓના વડાઓ (પરિપત્રિત કરવાની વિનંતી સાથે)
- ➢ એકાઉન્ટ જનરલશ્રી (ઓડીટ), ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- ➢ એકાઉન્ટ જનરલશ્રી (એ. એન્ડ ઈ.), ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- ➢ નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળની કચેરી, ગાંધીનગર.
- ➢ નિયામકશ્રી, હિસાબ અને તિજોરી કચેરી, ગાંધીનગર.
- ➢ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી, ગાંધીનગર.
- ➢ પગાર અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / સર્વે શાખાઓ (નાણા શાખાઓ સહિત), સચિવાલય, ગાંધીનગર.
- ➢ મેસર્સ ટાટા કન્સલટન્સી સર્વિસીસ લી., ગાંધીનગર.
- ➢ સીસ્ટમ મેનેજરશ્રી, ટાટા કન્સલટન્સી સર્વિસીસ લી. તરફ નાણા વિભાગની વેબસાઈટ ઉપર આ પરિપત્ર મૂકવાની વિનંતી સાથે.
- ➢ સિલેકટ ફાઈલ ઝ.૧ શાખા.
- ❖ પત્ર દ્વારા.